ઓવરલોડની ગેરરીતી સામેના પગલાં

વાહન વ્યવહાર કમિશ્નરની કચેરી,
ડૉ.જીવરાજ મહેતા ભવન,
બ્લોક નં.૬,બીજો - ત્રીજોમાળ,
ગાંધીનગર. ગુજરાત રાજ્ય,
પરિપત્ર ક્રમાંક: ડીએ /ઓવરલોડ/ ૫૬૪૦
તારીખ :- ૧૫/૧૨/૨૦૧૦.

વંચાણે લીધા :-

(૧) નામદાર સુપ્રિમકોર્ટનો ચુકાદો તા. ૯/૧૧/૦૫
(૨) ડીએ-ઓવરલોડ-ઓફલોડ -ઓન- ૨૪૩, તા. ૧૩/૧/૨૦૦૬
(૩) ડીએ-ઓવરલોડ-ઓફલોડ -ઓન- ૨૪૪, તા. ૧૩/૧/૨૦૦૬
(૪) કન્ટેમ્પ્ટ પીટીશન નંબર ૮૮/૨૦૦૮ ઈન રીટ પીટીશન (સી) નં. ૧૩૬/૨૦૦૩માં નામદાર હાઈકોર્ટે આપેલ. તા. ૬/૯/૨૦૧૦નો હુકમ.
(૫) અત્રેથી વખતો વખત કરવામાં આવેલા સૂચનાત્મક પરિપત્રો તેમજ સમીક્ષા બેઠકોમાં અપાયેલ સુચનાઓ.

## -: પરિપત્ર :-

ઓવરલોડ માલ ભરેલા માલ વાહક વાહનો ને કારણે જાહેર માર્ગોને નુકશાન થાય છે અને માર્ગ અકસ્માતો વધે છે તથા પ્રદુષણમાં વધારો થાય છે. મોટર વ્હીકલ્સ એક્ટ,૧૯૮૮ ની કલમ-૧૧૩ મુજબ માલ વાહક વાહનમાં ભારવહ ક્ષમતા (ગ્રોસ વ્હીકલ વેઈટ) થી વધુ વજનનો માલ ભરવા પરવાનગી આપવા, ઓવરલોડ માલ ભરેલું માલ વાહક વાહન હંકારવા તેમજ ઓવરલોડ માલ ભરવામાં કારણભુત થવા પર પ્રતિબંધ મુકવામાં આવેલ છે.

૨. નામદાર સુપ્રિમકોર્ટે રીટ પીટીશન (સીવીલ) નં.૧૩૬/૨૦૦૩ (શ્રીમતિ પરમજીત ભશીન વિરુધ્ધ યુનીયન ઓફ ઈન્ડીયા) ના કેસમાં તા.૯-૧૧-૨૦૦૫ ના રોજ આપેલા ચુકાદામાં આ કાયદાકીય જોગવાઈઓનો ચુસ્ત અમલ કરવા આદેશ આપેલ છે. આ આદેશના અનુસંધાને અત્રેથી વખતો વખત વંચાણે લીધામાં દર્શાવેલ પરિપત્રોથી સુચના તેમજ માર્ગદર્શન આપવામાં આવેલ છે. વંચાણે લીધાના પરિપત્રોથી આપવામાં આવેલ આ સૂચનાઓ પ્રમાણે વાહનને ઓફલોડ કરવા નોટીસ આપવા સહિતની કામગીરી તથા જેટલી વખત વાહન ઓવરલોડ ભરેલુ પકડાય તેટલી વખત કલમ ૧૯૪,૨૦૦ મુજબ માંડવાળ કરવા સહિતની કામગીરી હાલ કરવામાં આવે છે. જેનાં કારણે ઓવરલોડનું પ્રમાણ અસરકારક રીતે ઘટવા પામેલ છે.

૩. અત્રેની કચેરીએ થતી વિવિધ એસોસીએશનો તેમજ વ્યકિતઓ ધ્વારા રજુઆતો કરવામાં આવે છે કે, રાજયના અંતરિયાળ વિસ્તારોમાં તેમજ ઉધોગગૃહો અને ખાણો ખાતે ઓવરલોડ માલ ભરવામાં આવે છે કે જેના કારણે અકસ્માતોની સંખ્યા વધી રહી છે અને રોડ રસ્તાઓને નુકશાન થઇ રહેલ છે.

૪. આમ, સમગ્ર પરિસ્થિતિ ધ્યાને લેતાં રાજય સરકારે ઓવરલોડ વાહનો સામે ખાસ ઝુંબેશ હાથ ધરવા વિચારેલ છે. આ ઝુંબેશ દરમ્યાન ચેકપોસ્ટ, રાજયના ધોરી માર્ગો ઉપર ખાસ નાકાઓ તેમજ ઓવરલોડ ભરવાનો સ્થળો ઉપર ખાસ ચેકીંગ ગોઠવવામાં આવશે. આ ચેકીંગ દરમ્યાન મોટર વ્હીકલ્સ એકટ,૧૯૮૮ હેઠળ વાહનની નોંધણી મોકુફ કરવા સહીત ના કાયદાકીય પગલાં લેવામાં આવશે. જેથી માલ વાહક વાહનમાં ઓવરલોડ ન ભરવા, ઓવરલોડ ભરેલું માલ વાહક વાહન ન ચલાવવા તેમજ ઓવરલોડ ભરવાની બાબતમાં કારણભુત ન બનવા વાહન માલીકો, વાહન ચાલકો, ઉધ્યોગ ગૃહો તથા પરિવહન ઉધ્યોગ સાથે સંકળાયેલા તમામ સંબંધીતોને આથી જાણ કરવામાં આવે છે.

વાહન વ્યવહાર કમિશ્નર,
ગુજરાત રાજય, ગાંધીનગર.

- <u>નકલ સવિનય રવાના:</u>- પ્ર તિ,

(૧) માન.વાહન વ્યવહાર મંત્રીશ્રીના અંગત મદદનીશશ્રી ,સચિવાલય, ગાંધીનગર- માન. મંત્રીશ્રીના ધ્યાને લાવવા સારુ.

(૨) માન.અધિક મુખ્ય સચિવશ્રી, બંદરો અને વાહન વ્યવહાર વિભાગ ,સચિવાલય, ગાંધીનગરને સવિનય જાણ સારુ.

- <u>નકલ રવાના :</u>- પ્ર તિ,

(૨) નાયબ સચિવશ્રી, બંદરો અને વાહન વ્યવહાર વિભાગ ,સચિવાલય, ગાંધીનગરને જાણ સારુ.

(૩) તમામ પ્રાદેશિક તથા સહાયક પ્રાદેશિક વાહન વ્યવહાર અધિકારીશ્રીઓને જાણ તથા અમલ સારું.

(૪) તમામ ચેકપોસ્ટ ઈન્ચાર્જશ્રીઓ - જાણ તથા અમલ સારું.

(૫) તમામ ટ્રાન્સપોર્ટ એસોસીએશનો- જાણ તથા અમલ માટે સહકાર આપવા વિનંતી સાથે.

અખીલ ગુજરાત ટ્રક ટ્રાન્સપોર્ટ એસોસીએશન
જી-૫, સોમાનંદ શોપીંગ સેન્ટર,
સ્વામીનારાયણ મંદીર સામે
શાહીબાગ રોડ, અમદાવાદ-૪

:પુરબિયા:૪૩:૧૩૭: